| Innovation ID | DTP0010000002802 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** મરચી(Capsicum annum),રીંગણી(Solanum melongena)ના પાકમાં જીવાતનું નિયંત્રણ

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** Lok(૩)૬, Dec.-૧૯૯૮, Pg.No.-૬

**Brief** મરચી(Capsicum annum),રીંગણી(Solanum melongena)ના પાકમાં જીવાતનું નિયંત્રણ માટે દિવેલીનો ખોળ, ફટકડીનો ઉપયોગ

**Detail** આ જીવાતની અવસ્થા ૧૫ દિવસ જેટલી હોય છે. તે નાની-નાની કીડીઓ જેવી સફેદ રંગની હોય છે. અને ઢગલા બંધ જોવા મળે છે. મરચી(Capsicum annum)-રીંગણી(Solanum melongena)ના પાકમાં નિયંત્રણ માટે વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના ઓલીઆંબા ગામના મલીયાભાઇ ઘનીયાભાઇ રાઠવા ફટકડી અને દિવેલી ખોળનો ઉપયોગ કરે છે.
મરચી-રીંગણીના વાવેતર પહેલા એક વિઘો જમીનમાં ૬૦ કિ.ગ્રા દિવેલી(Brassica juncea) ના ખોળ અને ૨ કિ.ગ્રા ફટકડી મિકસ કરીને ખેડ કરતી વખતે નાખવામાં આવે છે.
ખેડૂતના જણાવ્યા મુજબ તેઓ ૧૯ વર્ષથી આ પધ્ધતિનો ઉપયોગ કરે છે.

(નોંધઃ- આ પદ્ધતિનું રીચેક - તા. ૧૯-૫-૨૦૦૬માં મુકેશભાઈ. બી. સોનારાએ કરેલ છે.)
(ગામમાં આ પદ્ધતિનો ઉપયોગ મોટા ભાગના લોકો કરે છે અને આ પદ્ધતિમાં કોઈ ફેરફાર કરેલ નથી. ગામમાં આ પદ્ધતિનો ઉપયોગ વર્ષોથી કરે છે. આ પદ્ધતિથી કોઈ આડઅસર થતી નથી. આ પદ્ધતિ પરંપરાગત છે અને પરંપરાગત રીતે લોકો ઉપયોગ કરે છે.)

અન્ય ઉપયોગ કર્તાઃ
મીઠીયાભાઈ ભીલીયાભાઈ રાઠવા
જીવનભાઈ નમલાભાઈ રાઠવા
ફસલાભાઈ બાવાભાઈ રાઠવા
રાઠવા ભરતભાઈ કટાભાઈ

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** દિવેલીનો (Brassica juncea) ખોળ, ફટકડી

**IPR Status**

**Keywords** દિવેલી, Brassica juncea, ખોળ, ફટકડી, મરચી, Capsicum annum, રીંગણી, Solanum melongena, પાક, જીવાત, સફેદ, રંગ, વડોદરા

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૭૦૮ | Member Type | Scout | | |
| First Name | રાજેશ | Middle Name | વી. | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. ઝંડા | Taluka | તા. કપડવંજ | | |
| District | Kheda | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૪૩ | Member Type | Innovator | | |
| First Name | મલીયાભાઈ | Middle Name | ધનીયાભાઈ | Last Name | રાઠવા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ઓલીઆંબા | Taluka | છોટા ઉદેપુર | | |
| District | Vadodara | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૧૫૨ | Member Type | Verifier | | |
| First Name | મુકેશ | Middle Name | બી | Last Name | સોનારા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. મેટાલ, પો. નાનોદરા | Taluka | બાવળા | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002931 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | મકાઈ(Zea mays)માં ગાભમારાની ઈયળ નિયંત્રણ |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | lok(૫) ૨, Mar-Apr-૨૦૦૦, Pg. No. ૬ |
| Brief | મકાઈ(Zea mays)માં ગાભમારાની ઈયળ નિયંત્રણ માટે ચમરી ખેચવી |

**Detail**

(આ પદ્ધતિની પુનઃ તપાસ નરેન્દ્રસિંહ પરમારે જલોદા ગામમાં જઈને જૂન ૨૦૦૪માં કરેલ છે. જે પૂર્ણ રૂપે સાચી છે અને ઉપયોગમાં છે.)

મકાઈ (Zea mays) ૩૫ દિવસની થાય ત્યારે ગાભમારાની ઈયળ જોવા મળે છે. તે મકાઈના ટોચના ભાગમાં પ્રવેશીને અંદરનો ગર્ભ કોરી ખાય છે. જેથી છોડને નુકશાન થાય છે.

મકાઈમાં ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે વડોદરા જિલ્લાનાં છોટાઉદેપુર તાલુકાના જલોદા ગામના ગોસલાભાઈ શેગજીભાઈ રાઠવા એક રસપ્રદ પદ્ધતિ અપનાવે છે. મકાઈમાં આવતી ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે તેઓ મકાઈની ઉપરની ચમરી કાઢવાનો પ્રયોગ કરે છે.
ગોસલાભાઈ એકવાર ખેતરમાં ફરતા હતા. ત્યારે તેમને ચમરી ખેંચવાનો વિચાર આવ્યો. ત્યાર પછી આ છોડનું તેઓ નિરીક્ષણ કરતા રહ્યા. તેમણે જોયું કે, આ ચમરી ખેંચેલ છોડ ઉપર ઈયળ જોવા ન મળી. તેમજ અન્ય છોડની સરખામણીમાં જીવાત પણ જોવા ન મળી. અને મકાઈના દાણા પણ સારા બેસેલા જોવા મળ્યા. ત્યારથી તેઓ મકાઈના પાકમાં ચમરી ખેંચીને ઈયળનું નિયંત્રણ કરે છે.
જ્યારે મકાઈમાં ડોડાનું મુછીયું નીકળે ત્યારે ઉપર ચમરી આવે છે જેને હાથથી ખેંચી કાઢવામાં આવે છે. આ ચમરી ખેંચવાથી અંદર અડધો ફૂટ જેટલું કાણું પાનની શીરા વચ્ચે પડી જાય છે. તેથી ઈયળ અંદર જઈ શકતી નથી. અને ત્યાં જ તેનું જીવન પૂરું થઈ જાય છે. પરિણામે પાક સારો થાય છે અને ચમરી ન રહેવાથી મશીનો ઉપદ્રવ પણ થતો નથી.
ખેડૂતના જણાવ્યા મુજબ ગામના ઘણા બધા આ પદ્ધતિ અપનાવે છે અને મકાઈનું સારું ઉત્પાદન મેળવે છે.
ડો. કે. ડી. સોલંકીના મત મુજબ, મકાઈની ચમરી એ નર પુષ્પ છે જ્યારે ડોડાનું મુછીયું એ માદા પુષ્પો છે. આમ નરપુષ્પો કાઢી નાંખવાથી પરાગનયનની પ્રક્રિયામાં વિક્ષેપ ઉદ્‌ભવે છે.

અન્ય ખેડૂતો
- પ્રતાપભાઈ મથુરભાઈ રાઠવા
- લટીયા વેદસિંહ રાઠવા
- કલન વાલજી રાઠવા

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | |
| IPR Status | |
| Keywords | ગાભમારા, ઈયળ, મકાઈ, Zea mays, ચમરી, ખેંચી, મશી, વડોદરા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP००१००००००२८३२ | Member Type | Innovator | | |
| First Name | ગાસલાભાઈ | Middle Name | શેગજીભાઈ | Last Name | રાઠવા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. જલોદા | | | Taluka | છોટાઉદેપુર |
| District | Vadodara | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP००१००००००२८३३ | Member Type | Scout | | |
| First Name | ઉદેસિંહ | Middle Name | શાભયસિંહ | Last Name | સોલંકી |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | | | Taluka | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP००१००००००५१९३ | Member Type | Verifier | | |
| First Name | નરેન્દ્રસિંહ | Middle Name | આર | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | | | Taluka | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |